મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

GT NEWS ગરવી તાકાત LIVE

૨૩-૧૨-૨૦૨૪
સોમવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૬૨
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

## માત્ર દેખાડા અને મોટા ભા થવા જ કાર્યવાહી કરવામાં આવે છે કાકાએ તંત્ર પર લગાવ્યા આરોપ

# ઊંઝામાંથી નકલી જીરૂનો વર્ષે દહાડે કરોડો રૂપિયાનો કારોબાર પકડાય છે છતાં કાર્યવાહીના નામે મીંડુ : પૂર્વ ધારાસભ્ય નારણકાકાનો આક્ષેપ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

મહેસાણાનું ઊંઝા શહેર જીરા માટે ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશમાં જાણીતું છે. ઊંઝા માર્કેટિંગ યાર્ડમાં દેશભરમાંથી ખેડૂતો જીરુ વેચવા માટે આવે છે અને અહીંથી મોટા પાયે જીરાની નિકાસ થાય છે. પરંતુ જીરાના આ વેપારમાં નકલીનો પણ મોટો કારોબાર શરૂ થયો છે. નકલી જીરુ બનાવતી અનેક ફેક્ટરીઓ ઊંઝાથી પકડાય છે પરંતુ ત્યારપછી શું કાર્યવાહી થાય છે તે કોઈને ખબર નથી. ત્યારે આ મામલે સરકારના પૂર્વ મંત્રીએ ઘણા ગંભીર આક્ષેપ કર્યા છે.



ફાઈલ તસ્વીર


ફાઈલ તસ્વીર



મહેસાણાનું ઊંઝા શહેર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશમાં જાણીતું છે. આ શહેરની મોટી ઓળખ એટલે માર્કેટિંગ યાર્ડ...અહીં જીરાનો સૌથી મોટો વેપાર થયા છે. ઊંઝામાં જીરુ તથા વરીયાળી બનાવતી અનેક ફેક્ટરીઓ ધમધમે છે. તેમાં એવી ઘણી કંપનીઓ છે જે નકલી જીરુ અને વરીયાળી બનાવે છે. આવી ફેક્ટરીઓમાં દરોડા પડે છે, તંત્ર હજારો કિલો નકલી જથ્થો પકડે છે. પરંતુ ત્યારપછી કોઈ કાર્યવાહી થતી હોય તેવું સામે નથી આવતું. નતો નકલીના જથ્થાનો નિકાલ થતો. નતો નકલીના કારોબારીને કોઈ સજા થતી. ત્યારે આ મામલે ઊંઝાના પૂર્વ ધારાસભ્ય નારણ પટેલ ગંભીર આક્ષેપ તંત્ર પર લગાવ્યા છે. તેમણે કહ્યું કે, માત્ર દેખાડા અને મોટા ભા થવા જ કાર્યવાહી થાય છે.

ભાજપના આ પીઠ નેતા અને રાજ્ય સરકારમાં મંત્રી રહી ચુકેલા નારણ પટેલની વાત જરા પણ ખોટી નથી. કારણ કે દરોડા તો પાડી દેવામાં આવે છે. પરંતુ ત્યારપછીની કાર્યવાહી થતી હોય તેવું જોવા નથી મળતું...દરોડા બાદ થતાં વહીવટીથી કોઈ સામે કાયદાનું શસ્ત્ર નથી ઊગામવામાં આવતું અને તેથી જ નકલીનો આ કાળો કારોબાર ઘટવાની જગ્યાએ વધી રહ્યો છે...નારણ પટેલે નીચેથી છેક ઉપર સુધી મોટા પાયે ભ્રષ્ટાચાર થતો હોવાનો પણ ગંભીર આક્ષેપ લગાવ્યો છે.

નારણ કાકાએ ઊંઝા માર્કેટિંગ યાર્ડની કમિટીને પણ આડે હાથ લીધી છે અને તેમના પર પણ આરોપ લગાવ્યો છે. નકલીના નામે સસ્તુ જીરુ અને વરીયાળી વેચતા કારોબારીઓને કારણે સાચા અને સારા વેપારીઓને મોટું નુકસાન થાય છે. એટલું જ નહીં લોકોના આરોગ્ય સાથે પણ ચેડા થાય છે. ત્યારે એ જોવાનું રહ્યું કે નારણ કાકા આક્ષેપ બાદ પણ હવે ક્યારે સરકાર જાગે છે અને ક્યારે કડક કાર્યવાહી કરીને દાખલો બેસાડે છે.

## ૬ દિવસ અગાઉ ફ્રી ફાયર ઓન લાઈન ગેમ બાબતે બે યુવકો વચ્ચે મારામારી થઇ હતી

# વિસનગરમાં બે જુથ વચ્ચે થયેલા ધિંગાણામાં પોલીસે રાયોટિંગ સહિત હત્યાનાના પ્રયાસનો ગુનો નોંધી તજવીજ હાથ ધરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

વિસનગર શહેરમાં કડા દરવાજા બહુચર માતાના મંદિર પાસે ૬ દિવસ અગાઉ ફ્રી ફાયર ઓનલાઈન ગેમ બાબતે બે યુવકો વચ્ચે મારામારી થઈ હતી. જેની અદાવતમાં શનિવારે ફરી ભડકો થતા બંને જૂથો સામસામે આવી જતા પથ્થરમારો થયો હતો. જે પથ્થરમારામાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે સમગ્ર મામલો પોલીસે સઘન બંદોબસ્ત ગોઠવી થાળે પાડ્યો હતો. આ જૂથ અથડામણમાં બંને પક્ષોએ વિસનગર શહેર પોલીસ મથકમાં સામ સામે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે રાયોટિંગ સહિત હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. પોલીસે સમગ્ર મામલે ૩ શખ્સોને ડીટેન કરી પૂછપરછ હાથ ધરી છે. જો કે હજૂ સુધી કોઈ આરોપીની ધરપકડ કરવામાં આવી નથી. પોલીસે આરોપીઓને શોધવા માટે તજવીજ હાથ ધરી છે.

કડા દરવાજા વચલોવાસમાં રહેતા મુકેશજી કરશનજી ઠાકોરે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમનો દીકરો વિક્રમજી નોકરી જવા માટે મહોલ્લામાં ઘર આગળ આવેલ મેલડી માતાના મંદિર આગળ ઊભો હતો. તે દરમિયાન કાનકુવાવાસના ઠાકોર પરેશજી અમરાજી, ઠાકોર વિપુલજી ઉર્ફે ભાણો દશરથજી, ઠાકોર શંકરજી મગનજી, ઠાકોર મલાજી ચંદુજી, ઠાકોર કુંજન પરેશજી સહિત ૧૮ શખ્સો હાથમાં તલવાર, લોખંડની પાઈપો, ધારિયા સહિત હથિયારો લઈ આવી ચાર દિવસ અગાઉ થયેલ ઝગડાની અદાવત રાખી ઠાકોર વિક્રમજી મુકેશજી સાથે ઝપાઝપી કરી હતી અને ઠાકોર વિપુલજી ઉર્ફે ભાણો એ વિક્રમજીને માથાના ભાગે જાનથી મારી નાખવાના ઈરાદે ધારિયા વડે ફટકો માર્યો હતો.

જ્યાં હોબાળો મચી જતા બચાવવા વચ્ચે આવેલ ઠાકોર ગગાજી લાભુજી, ઠાકોર શૈલેષજી સાગરજી, ડાહીબેન, ઠાકોર સીતાબેન પણ શખ્સોએ માર માર્યો હતો. જ્યાં



બૂમાબૂમ કરી મુકતા મહોલ્લાના લોકો આવી જતા તમામ શખ્સોએ પથ્થર મારો કર્યો હતો. જ્યાં ઠાકોર વિક્રમજી સહિતને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વિક્રમજીની હાલત ગંભીર છે. જેથી આ બનાવ અંગે વિક્રમજીના પિતા ઠાકોર મુકેશજી કરશનજીએ શહેર પોલીસ મથકમાં પરેશજી અમરાજી ઠાકોર, વિપુલજી ઉર્ફે ભાણો દશરથજી ઠાકોર, શંકરજી મગનજી ઠાકોર, મલાજી ચંદુજી ઠાકોર, કુંજન પરેશજી ઠાકોર, શૈલેષજી અશોકજી ઠાકોર, રમેશજી દલસંગજી ઠાકોર, દિનેશ અમરતજી ઠાકોર, અમરતજી ચંદુજી ઠાકોર, સંદીપજી ચંદુજી ઠાકોર, અશોકજી સોમાજી ઠાકોર, નીખલજી પરેશજી ઠાકોર, મેરૂજી અમરાજી ઠાકોર તમામે રહે. વિસનગર તેમજ મુકેશજી કલ્યાણજી, સંજયજી ભાણો, સતીષજી દશરથજી ઠાકોર, કૌશિકજી ગાંડાજી ઠાકોર, નિલેશજી અરજણજી ઠાકોર તમામ રહે. ગોઠવા વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે રાયોટિંગ તેમજ હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે સામે પક્ષે કાનકુવાવાસમાં રહેતા ઠાકોર ભરતજી રૂપાજીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૨૧ ડિસેમ્બરે હીરા ઘસવાની મજૂરીએથી બપોરના સમયે ઘરે જમવા આવતા હતા. તે દરમિયાન બહુચર માતાના મંદિર પાસે વચલાવાસના નાકે મહોલ્લાના છોકરાઓ તેમજ વચલાવાસના છોકરાઓ વચ્ચે ઝઘડો ચાલતો હોવાથી ઠાકોર ભરતજી સમજાવવા જતા વચલાવાસમાં રહેતા ઠાકોર લાલાજી રણછોડજીએ અપશબ્દો બોલી અહીંયા કેમ આવ્યો છે કહી, ધારિયા વડે માથામાં ફટકો માર્યો હતો. જ્યાં ઠાકોર ભરતજીને ફટકો વાગતા નીચે પડી ગયા હતા અને વચલાવાસના અંદાજે ૧૨ જેટલા છોકરાઓ જાનથી મારી નાખો તેમ કહી કાનકુવાવાસના છોકરાઓને મારવા લાગ્યા હતા.

જ્યાં હોબાળો મચી જતા લોકોએ છુટ્ટો પથ્થર મારો કરી મહોલ્લાના ઠાકોર કુંજલજી પરેશજી, ઠાકોર આદિત્ય શામળજીને પણ માર માર્યો હતો. જેથી ઠાકોર ભરતજી રૂપાજીને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ઠાકોર ભરતજીએ વિસનગર શહેર પોલીસ મથકમાં લાલાજી રણછોડજી ઠાકોર, અજય ઉર્ફે ડેગો રમણજી ઠાકોર, હુરસંગજી લક્ષ્મણજી ઠાકોર, અજય ભાણો ઠાકોર સહિત અન્ય આઠ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે રાયોટિંગ તેમજ હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરના વરદ હસ્તે વિદ્યાર્થીઓને સન્માન કરવામાં આવ્યું

# કડી તાલુકા શહેર ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા વિદ્યારત્ન એવોર્ડ અને સન્માન સમારંભ યોજાયો

(ગરવી તાકાત) કડી તા.૨૨

કડી તાલુકા શહેર ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા કડી માં આવેલ ચંપાબેન રતિલાલ પટેલ ટાઉન હોલ ખાતે ઈનામ વિતરણ અને સન્માન સમારંભ કાર્યકર્મનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઠાકોર ક્ષત્રિય સમાજના અંદાજીત ૪૦૦ થી વધુ જેટલા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું.

કડી તાલુકા શહેર ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા તેજસ્વી તારલાઓ ઈનામ વિતરણ તથા રાજ્ય દેશ લેવલે સમાજનું નામ રોશન કરનારનું સન્માન કરવા માટેનો કાર્યકમ આજે યોજાયો હતો. આ કાર્યક્રમમા ઊપસ્થિત પ્રદેશ પ્રમુખ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના તથા ધારાસભ્ય દક્ષિણ ગાંધીનગરના અલ્પેશજી ઠાકોર તથા જગતસિંહ ચૌહાણ પ્રદેશ ઉપપ્રમુખ, ધવલસિંહ ઝાલા ધારાસભ્ય બાયડવિધાનસભા મહાનુભાવો દ્વારા પોતાના વક્તવ્યમાં શિક્ષણ પર ભાર મૂકવા હાકલ કરાઈ હતી.કડી તાલુકા ઠાકોર સમાજનાં


આ કાર્યક્રમમા ઊપસ્થિત પ્રદેશ પ્રમુખ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના તથા ધારાસભ્ય દક્ષિણ ગાંધીનગરના અલ્પેશજી ઠાકોર તથા જગતસિંહ ચૌહાણ પ્રદેશ ઉપપ્રમુખ, ધવલસિંહ ઝાલા ધારાસભ્ય બાયડવિધાનસભા મહાનુભાવો દ્વારા પોતાના વક્તવ્યમાં શિક્ષણ પર ભાર મૂકવા હાકલ કરાઇ હતી.


૪૦૦ થી વધુ જેટલાં તેજસ્વી તારલાઓ અને રાજ્ય દેશ લેવેલે ગૌરવ વધારનાર લોકોનું સન્માન કરાયું હતું.કડી તાલુકા ઠાકોર ક્ષત્રિય સમાજ દ્વારા વિદ્યા રતન એવોર્ડ ૨૦૨૩-૨૪ માં પાસ થયેલા ધોરણ ૧૦ અને ૧૨ ના બોર્ડની પરીક્ષામાં સારા ગુણ મેળવી પાસ થયેલા તેવા તેજસ્વી તારલાઓ ને સન્માનિત કરવા માટે કડી તાલુકા ઠાકોર સેના તેમજ GKTS એકેડેમી અને લાઈબ્રેરી કડી દ્વારા ખૂજબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાજ ના વિવિધ નામી અનામી દાતાઓ દ્વારા પણ ઉદાર હાથે ઈનામ વિતરણ કાર્યકમમાં ફાળો આપવામાં આવ્યો હતો. અને એક સાથે સમાજ ના ભાઈઓ બહેનો તથા સમાજ ના આગેવાનો સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

● સોલાર પ્રોજેક્ટ એન્જીનીયર
● સોલાર ટેકનીશીયન
● O & M એન્જીનીયર
● સર્વિસ એન્જીનીયર

સોલાર ગ્રાઉન્ડ માઉન્ટેડ પ્રોજેક્ટમાં નોકરીની ઉત્તમ તક પગાર + ભથ્થા તથા અન્ય ઘણા ફાયદા સાથે

આજે જ સંપર્ક કરો તમારો બાયોડેટા મોકલો
career@zodiacenergy.com અથવા કોલ કરો
૦૭૯-૨૭૪૭૧૧૯૩/ M- 7861852575
સોલારની અથવા ઈલેક્ટ્રીકલ ફિલ્ડનો અનુભવ જરૂરી છે.
ZODIAC ENERGY LIMITED

ભારતની સૌથી અનુભવી અને વિશ્વસનીય સોલાર કંપની
ZODIAC ENERGY LIMITED
લઈને આવ્યું છે તમારા માટે સુવર્ણ તક


Zodiacની Dealership લો
(ઝીરો ઈન્વેસ્ટમેટ સાથે) અને દર મહિને
રૂા.૫૦,૦૦૦ થી પણ વધારે કમાવવાની
તક મેળવો આજે જ સંપર્ક કરો : T&C Apply
મો : 9274683417

સોલાર પાર્ક ડેવલોપમેન્ટ માટે જમીન ભાડેથી આપવા અમારો સંપર્ક કરો
૧૫ એકર કે તેથી વધુ જગ્યા ધરાવતા માલિક આજે જ સંપર્ક કરો.
મો : 7861852561
ZODIAC ENERGY LIMITED




# ગુજરાત હાઈકોર્ટમાં માતૃભાષા ગુજરાતી સામે ગુલામોની ભાષાનો આગ્રહ

હમણાં હમણાં નવી શિક્ષણ નીતિને આવકારવા હરખપદૂડા થઈને ઘણા બધા પરિસંવાદો અને ચર્ચાસત્રો યોજાય છે. માતૃભાષામાં શિક્ષણ પર ભાર મૂકવાની પરંપરા અપનાવાય એ આવકાર્ય છે પરંતુ વિશ્વ ભાષા અંગ્રેજી ભણી ઉપેક્ષા ભાવ સેવાય તો એનાં કેવાં પરિણામો આવે એનો પણ વિચાર કરવાની જરૂર છે.ગુજરાતની હાઈકોર્ટમાં અંગ્રેજી સાથે જ ગુજરાતીમાં કામગીરી ચલાવાય એ સામે અંગ્રેજીના ખાં સાહેબ ગણાતા મહાન ધારાશાસ્ત્રીઓ માતૃભાષાનો વિરોધ કરી રહ્યા છે. એ "ગુલામોની ભાષા"ના આટલા બધા આગ્રહી કેમ છે એ સમજાતું નથી. અંગ્રેજીને કોઈ ગુલામોની ભાષા કહે તો સ્વાભાવિક છે કે, આશ્ચર્ય થાય.ઈંગ્લેન્ડનો ઈતિહાસ જાણનારાઓને અંગ્રેજી ભાષા 'નીચલી કોમોની ભાષા હતી' એ વાત સહજ લાગવાની. રોબર્ટ ઑફ ગ્લાઉસેસ્ટર પણ અંગ્રેજી ભાષાને ઈંગ્લેન્ડની નીચલી કોમોની ભાષા ગણાવે છે. કારણ સ્પષ્ટ હતું : જર્મન અને નોર્મન આક્રમણખોરોએ ઈંગ્લેન્ડ પર સદીઓ સુધી કબજો મેળવ્યો ત્યારે જર્મન અને ફ્રેંચ ભાષા જ રાજવી અને દરબારીઓની હતી. અંગ્રેજી તો ગુલામ અને નીચલી જાતિના લોકોની ભાષા હતી. 'સમયાંતરે ગુલામો રાજા બન્યા અને અંગ્રેજીએ દુનિયાભરમાં ધણીપણું આદર્યું.' : ગુજરાત કૉલેજના પ્રાચાર્ય રહેલા અંગ્રેજીના સદગત પ્રાધ્યાપક વી.જે. ત્રિવેદી તો એંગ્લો-સેક્સનમાંથી અવતરેલી ભાષા અંગ્રેજીને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને પહેલા ધોરણથી ભણાવવાના આગ્રહી રહ્યા હતા. વચ્ચે નરેન્દ્ર મોદી પણ મુખ્ય પ્રધાન હતા ત્યારે રાજ્યની સરકારી શાળાઓમાં પહેલા ધોરણથી જ અંગ્રેજી શીખવવાનો આગ્રહ રાખ્યો ત્યારે સંઘ પરિવારની સંસ્થા વિદ્યા ભારતીએ રીતસર એના વિરોધમાં ઝુંબેશ આદરી હતી. એટલે ગુજરાતમાં પહેલા ધોરણથી અંગ્રેજી ભાષા ભણાવવાનું પડતું મુકાયું.

ફરીને રાષ્ટ્રીયકક્ષાએ પહેલા ધોરણથી જ અંગ્રેજી શીખવવાના આગ્રહનું ભૂત ધૂણવા માંડયું. રાષ્ટ્રીય જ્ઞાનપંચે ૨૦ ઑક્ટોબર, ૨૦૦૬ના રોજ એ વેળાના વડાપ્રધાન ડૉ.મનમોહનસિંહને પત્ર લખીને વિશ્વભરમાં સ્પર્ધા તથા ધંધારોજગાર માટે આપણાં બાળકોને તૈયાર કરવા માટે પહેલા ધોરણથી અંગ્રેજી શીખવવાની ભલામણ કરી હતી. આપણા ગુજરાતી મહાનુભાવ ડૉ. સામ પિત્રોડાના અધ્યક્ષપણા હેઠળના આ પંચના વર્ષ ૨૦૦૬ના રાજ્ય સરકારના સહયોગમાં રાષ્ટ્રીય જ્ઞાનપંચ શાળાનો અભ્યાસ પૂરો કરી બહા જનારાં વિદ્યાર્થીઓને તેમની નોકરીમાં વધુ ઉપયોગી થાય એટલા માટે શરૂઆતથી અંગ્રેજી માટે તૈયાર કરવા ધારે છે. ડૉ. પિત્રોડાના આ પત્રમાં દાવો કરાયો છે કે, પંચ કેટલાક મુખ્ય પ્રધાનો, સાંસદો તથા કાયદા-તબીબી ક્ષેત્રના નિષ્ણાતોનો અભિપ્રાય પણ મેળવ્યો હતો. એ બધાએ સર્વાનુમતે પહેલા ધોરણથી અંગ્રેજી ભણાવવાની તરફેણ કરી હતી. હવે માતૃભાષાના આગ્રહ સાથે નવી શિક્ષણ નીતિ અમલમાં લાવવાનો સંકલ્પ કરાયો છે. પાઠયપુસ્તકો ગુજરાતીમાં તૈયાર કરાઈ રહ્યાં છે પરંતુ નવી નીતિનો અમલ ખાસ્સો ઘોંચમાં પડે તેવું લાગે છે.

ગુજરાતમાં મગન-માધ્યમના પ્રતાપે અંગ્રેજીના ભણતરનું સારું એવું નિકંદન નીકળ્યું, પણ હજુ થોડા વખત પહેલાં જ ગૂજરાત વિદ્યાપીઠે 'સાર્થ જોડણીકોશ'માં સંખ્યાબંધ અંગ્રેજી શબ્દોને ગુજરાતી ભાષાના શબ્દો તરીકે સ્વીકૃતિ આપી છે. સાર્થમાંના શબ્દો થકી ગાંધીજી માતૃભાષામાં શિક્ષણના આગ્રહી હોવા છતાં અંગ્રેજીના વિરોધી નહોતા એ વાતનું ભારપૂર્વક પ્રતિપાદન કર્યું છે, પ્રિ. ત્રિવેદી કહેતા રહ્યા છે : ''ભાષા વિકાસ માટે બીજી ભાષામાંથી શબ્દોને સ્વીકારવા જ જોઈએ. અંગ્રેજી ભાષાનું શબ્દભંડોળ સમૃદ્ધ થતું રહ્યું, કારણ એણે ૬૦ કરતાંય વધુ ભાષાના શબ્દોને અપનાવ્યા છે.'' અંગ્રેજી ભાષાની ડિક્શનેરીમાંના ચોથા ભાગના શબ્દોનું ગોત્ર સંસ્કૃત છે. હવે તો હિંદીના શબ્દો પણ અંગ્રેજીની ઑક્સફર્ડ ડિક્શનેરીમાં વપરાવા માંડયા છે.આવી મોકળાશ છતાં બાળકોને પહેલા ધોરણથી અંગ્રેજી ભણાવવાનો વિવાદ તો આપણે ત્યાં રહેવાનો. થોડા વખત પહેલાં કર્ણાટકમાં કન્નડ માધ્યમની શાળા તરીકે મંજૂરી પામેલી શાળાઓ વિદ્યાર્થીઓને અંગ્રેજી માધ્યમમાં ભણાવતી હોવાનો ઊહાપોહ સાહિત્યસ્વામીઓના આગ્રહથી સરકાર થકી ૧૯ જૂન,૧૯૮૯ના રોજ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવા અંગે સરકારી આદેશ બહાર પડાયો હતો. આની સામે અંગ્રેજી માધ્યમમાં ભણતાં વિદ્યાર્થીઓનાં મા-બાપ હાઈકોર્ટમાં ગયાં. હાઈકોર્ટે તો રાજ્ય સરકારના નિર્ણયને વાજબી લેખાવ્યો એટલે પ્રકરણ છેક સુપ્રીમ કોર્ટે ગયું. સુપ્રીમે ૧૯૯૪માં આદેશ આપ્યો કે ધોરણ-૧થી પાંચ સુધીનાં બાળકોની માતૃભાષામાં ગ્રહણ શક્તિ વધુ હોવાથી તેમણે માતૃભાષામાં જ શિક્ષણ આપવાનું સરકારનું વલણ એકદમ વાજબી છે. ગુજરાતમાં તમામ બોર્ડનાં વિદ્યાર્થીઓને ગુજરાતી ફરજિયાત વિષય તરીકે ભણાવવાના હાઈકોર્ટના આદેશ છતાં ગુજરાતી મા-બાપનાં સંતાનો પણ ગુજરાતી ભાષા વિશે ઉદાસીન છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# 'પર્યાવરણ બચાવો, કચ્છ બચવો' ના નારા સાથે યુથ કોંગ્રેસનો GHCL કંપનીની હેડ ઓફિસ સામે વિરોધ પ્રદર્શન

**કેમિકલ પ્લાન્ટ સ્થાપવા થી પર્યાવરણ પર ખતરો ઊભો થશે, પશુપાલનના વ્યવસાય પર ગંભીર અસરો ઉભી થઈ શકે છે, દરિયાઈ કાંચબા, માછલી અને સમુદ્રમાં રહેતા અન્ય સજીવો પર જીવલેણ અસર થશેઃ ડો. ઉપેન્દ્રસિંહ જાડેજા**






(ગરવી તાકત) અમદાવાદ તા.૨૨

કચ્છ-માંડવીના બાડા ગામે ખાતે **GHCL** કંપની દ્વારા કેમિકલ પ્લાન્ટ સ્થાપના માટે જઈ રહી છે તેને લઈને અમદાવાદ ખાતે આવેલી તેની હેડ ઓફિસ સામે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા હરપાલસિંહ ચુડાસમાની વિશેષ ઉપસ્થિતીમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. યુથ કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે આ કંપનીના લીધે પર્યાવરણ પર અને માનવ જીવન પર ગંભીર અસર થઈ શકે છે.

આ અંગે સ્થાનિક રહેવાસી ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી ડૉ. ઉપેન્દ્રસિંહ જાડેજાએ કહ્યું હતું કે માંડવીના બાડા ગામ ખાતે કંપની દ્વારા સ્થાપવા માટે જઈ રહી તે સજીવો માટે ખૂબ જ નુકસાનકારક છે. સમુદ્ર માં છોડનારું પાણી સંપૂર્ણ શુદ્ધ હોતું નથી તેના લીધે તેમાં પ્રતિ લિટર એક હજાર સસ્પેન્ડેડ સોલિડ્સ હોવાની સંભવના રહેલી છે. સસ્પેન્ડેડ સોલિડસના લીધે પાણી દુધિયું થઈ જશે સમુદ્રમાં એફલ્યુએન્ટના નિકાલ થી સમુદ્રી જૈવ વૈવિધ્ય મરીન ઈકોલોજી પર સંભવિત અવળી અસરો થઈ શકે છે. સમુદ્રીય જીવ સૃષ્ટિ સુધી અસરો થશે એવું તેમણે જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, કંપનીને પર્યાવરણ ક્લીયરન્સનું સર્ટીફીકેટ જે ખાનગી કંપની પ્રશિક્ષણથી આપવામાં આવ્યું છે તે શંકાના દાયરામાં છે. હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસના નેજા હેઠળ એક કમીટી બનાવી તપાસ કરવામાં આવે તેવી માંગણી વિરોધ પ્રદર્શનમાં કરવામાં આવી હતી. કચ્છ જીલ્લા જીવ દયા માટે પશુ, પ્રકૃતિની ચિંતા કરવામાં હંમેશા માટે અગ્રેસર છે અને આ પ્લાન્ટના કેમીકલ યુક્ત પાણી છોડવામાં આવશે ત્યારે જમીનને પણ ખુબ નુકસાન થશે સાથેસાથે વિદેશી કાચબા અને વિદેશી પક્ષીઓ કચ્છના માંડવી દરિયા કિનારે પ્રજનન કરવા આવતા હોય છે પરંતુ આવા કેમીકલ યુક્ત પાણીના લીધે તેના પર પણ ગંભિર અસર થઈ શકે છે. અંત્રે ઉલ્લેખનીય છે કે, વિદેશી કાચબા અને વિદેશી પક્ષીઓના પ્રજનન કરવા માટે ઓરિસ્સા અને કચ્છમાં આવેલ માંડવી દેશમાં માત્ર આ બે જ જગ્યા છે.

વધુ તેઓ કહ્યું હતું કે કચ્છ-માંડવીના દરિયાઈ કિનારેના ય્ઁઝ્ર કંપનીના પ્લાન્ટમાં સોડા-એશ જેવા પદાર્થનું ઉત્પાદન થશે જેને લઈને સમુદ્રી વિસ્તારમાં કાચબા, માછલીઓ પર પણ તેની ગંભીર અસરો થશે અને વનસ્પતિ પર પણ તેની અનેક અસરો થશે, તેના લીધે પર્યાવરણનું સંતુલન ખોરવાઈ જવાની સંભવના રહેલી છે.

પર્યાવરણ વિનાશના ભોગે સ્વાર્થી વિકાસની કોઈ જરૂર નથી તેવું તેઓ જણાવ્યું હતું. વધુમાં તેઓ જણાવ્યું હતું રાષ્ટ્રીય પક્ષી મોર સહિતના પક્ષીઓ અને પ્રકૃતિનું નિકંદન થવાની સંભવના છે. બાડા ગામે માંડવીના દરિયા કિનારે દેશ વિદેશથી કાચબા સહિત અનેક પક્ષીઓ આવતા હોય છે, સમુદ્રકાંઠે લાખો યાયાવર પંખીઓ આવે છે ત્યારે અહિયાં પાલન્ટ સ્થાપશે ત્યારે શુદ્ધ હવા મળશે નહીં તેના લીધે પક્ષીઓ અને માનવ જીવન પર પણ તેની જીવલેણ અસરો થશે તેને લઈને ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

આ વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં એન.એસ.યુ.આઈ.ના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી, ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી ડૉ. પ્રવિણસિંહ વણોલ, અંજલી ગોર, મુકેશ આંજણા, કચ્છ જીલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ નિતેષ લાલન, અમદાવાદ શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ વિશાલસિંહ ગુર્જર, કાર્યકારી પ્રમુખશ્રી ઈમરાન શેઠજી તેમજ યુવા કોંગ્રેસના હોદેદારો મોટી સંખ્યામા જોડાયા હતા.

## ગુજરાતે સપ્ટેમ્બરમાં ટેરિફ વધારાનાં કારણે ૮ લાખ ટેલિકોમ ગ્રાહકો ગુમાવ્યાં

# જિયોએ ૯ લાખ, વોડાફોન આઈડિયાએ ૧.૧૧ લાખ, એરટેલે ૭૯૧૩૬ ગ્રાહકો ગુમાવ્યાં : બીએસએનએલના ગ્રાહકો વધ્યાં

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૨



ખાનગી ટેલિકોમ કંપનીઓ દ્વારા ભાવ વધારાને પગલે ગુજરાતે સપ્ટેમ્બરમાં ૮ લાખથી વધુ ગ્રાહકો ગુમાવ્યાં છે. એરટેલ, વોડાફોન આઈડિયા અને રિલાયન્સ જિયોએ જુલાઈમાં ૧૦ ટકાથી ૨૭ ટકા સુધીનાં ટેરિફ વધારો અમલમાં મૂક્યો હતો, જેનાં કારણે ઘણાં સબ્સ્ક્રાઈબર્સને તેમનાં બજેટનું સંચાલન કરવામાં મુશ્કેલી પડી રહી હતી.

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરની ટેલિકોમ સબસ્ક્રિપ્શન્સ રિપોર્ટ દર્શાવે છે કે ગુજરાતમાં ગ્રાહકોની કુલ સંખ્યા ઓગસ્ટમાં ૬.૫૯ કરોડની સરખામણીએ સપ્ટેમ્બરમાં ઘટીને ૬.૫૧ કરોડ થઈ ગઈ છે.

રિલાયન્સ જિયોએ ૯ લાખથી વધુ યુઝર્સ ગુમાવીને આ યાદીમાં ટોચ પર છે. વોડાફોન આઈડિયાએ ૧.૧૧ લાખ સબ્સ્ક્રાઈબર્સ ગુમાવ્યાં જ્યારે એરટેલે ૭૯૧૩૬ સબ્સ્ક્રાઈબર્સ ગુમાવ્યાં હતાં. બીએસએનએલ એકમાત્ર એવી કંપની હતી જેમાં ૧.૩૧ લાખ વપરાશકર્તાઓ ઉમેરાયા હતાં.

ટેલિકોમ ઉદ્યોગનાં એક સ્ત્રોતે જણાવ્યું હતું કે ×ટેરિફ વધારાએ મોટા પાયે અસર કરી છે જેનાં કારણે સબ્સ્ક્રાઈબર્સે બીએસએનએલ પર પોર્ટ કર્યું છે, જે એકમાત્ર ખેલાડી છે જેણે દરોમાં વધારો કર્યો નથી.

તે જ સમયે, સબસ્ક્રિપ્શન્સમાં ઘટાડો એ ગ્રાહક વર્તણૂકમાં ફેરફાર સૂચવે છે, ખાસ કરીને ડ્યુઅલ-સિમ વપરાશકર્તાઓમાં. ઘણાં ગ્રાહકો, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં, વધારાનાં ટેરિફને કારણે ખર્ચ ઘટાડવા માટે માત્ર એક સિમ કાર્ડ રાખવાનું પસંદ કરી રહ્યાં છે. સેકધડ સિમનો ઉપયોગ ઘણીવાર ઈન્ટરનેટ એક્સેસ કરવા માટે સસ્તાં ડેટા પ્લાન માટે કરવામાં આવે છે.×

તેમણે વધુમાં જણાવ્યું કે વધુ સબ્સ્ક્રાઈબર્સને આકર્ષવા અને બજાર હિસ્સો પાછો મેળવવા માટે, બીએસએનએલે સ્પામ બ્લોકર, ઓટોમેટેડ સિમ કિઓસ્ક અને ડાયરેક્ટ-ટુ-ડિવાઈસ સેવાઓ સહિત નવી પહેલોની શ્રેણી શરૂ કરી, જેનાં કારણે કંપનીએ કેટલાક સબ્સ્ક્રાઈબર્સ મેળવ્યાં હતાં.

ખાનગી ઓપરેટરોએ ઓક્ટોબર અને નવેમ્બરમાં ગ્રાહકો ગુમાવ્યાં હતાં.ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ગ્રાહકોની સંખ્યામાં ઘટાડો થવાનો ટ્રેન્ડ માત્ર ગુજરાતમાં જ નથી. સમગ્ર ભારતમાં, સપ્ટેમ્બરમાં સબ્સ્ક્રાઈબર્સ ઘટીને ૧.૧૫૬ બિલિયન થઈ ગયાં છે.

## ફેસ ઓથેન્ટિકેશન એપ્લિકેશનના માધ્યમથી ૬૦ લાખથી વધુ નાગરિકોની આધાર નોંધણી થઈ

# રાજ્યમાં વર્ષ ૨૦૨૨થી નવેમ્બર- ૨૦૨૪ સુધીમાં રેકોર્ડ બ્રેક અંદાજે ૮૮ કરોડ 'આધાર ઓથેન્ટિકેશન' નોંધાયા

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૨




પ્રવર્તમાન સમયમાં અદ્યતન ઈન્ટરનેટ અને ટેકનોલોજીના ઉપયોગના પરિણામે આજે તમામ પ્રકારની માહિતી ઈન્ટરનેટ જગતના માધ્યમથી નાગરિકોના આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૨ થી નવેમ્બર-૨૦૨૪ સુધીમાં અંદાજે ૮૮ કરોડ 'આધાર ઓથેન્ટિકેશન' નોંધાયા છે.

જ્યારે વિવિધ વિભાગોમાંથી સરેરાશ માસિક ૦૫ કરોડ અને દરરોજ સરેરાશ ૨૨ લાખ જેટલી આધાર ઓથેન્ટિકેશનની અરજી પર સફળતાપૂર્વક પ્રક્રિયા કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૮ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨ કરોડ તેમજ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૪૮ કરોડ, એમ કુલ ૮૮ કરોડ 'આધાર ઓથેન્ટિકેશન' રાજ્યભરમાં નોંધાયા છે.આ ડિજિટલ ગુજરાતના મંત્રને ચરિતાર્થ કરવા ગુજરાતના વિવિધ વિભાગો દ્વારા લાભાર્થીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર- હ્વમ્ માધ્યમથી સહાય ચૂકવવાના ઉમદા આશયથી વર્ષ ૨૦૨૨થી ૨૪ સુધીમાં રાજ્યની ૦૯ વિભાગોની ૨૦૦થી વધુ યોજનાઓની નોંધણી કરવામાં આવી છે. જેના પરિણામે રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૨૨થી નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ફેસ ઓથેન્ટિકેશનની એપ્લિકેશનના માધ્યમથી ૬૦ લાખથી વધુ નાગરિકોની આધાર નોંધણી થઈ છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**વૃષભ (બ,વ,ઉ) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**મીથુન (ક,છ,ઘ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**કર્ક (ડ,હ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**સિંહ (મ,ટ) :**ાવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :**જુના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

**મકર (ખ,જ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

## ફિલ્મી ગપશપ

### 'મારે ડ્રગ્સ સાથે કોઈ લેવાદેવા નથી':મમતા કુલકર્ણીએ કહ્યું- માત્ર વિકી ગોસ્વામીના સંપર્કમાં હતી; ડ્રગ માફિયા તરીકે કુખ્યાત છે ગોસ્વામી

એક્ટ્રેસ મમતા કુલકર્ણી ૨૫ વર્ષ પછી મુંબઈ પરત ફરવા અને ડ્રગ માફિયા વિકી ગોસ્વામી સાથેના તેના સંબંધો વિશે વાત કરે છે. તેણે કહ્યું કે વિક્કીએ જેલમાં હતા ત્યારે પહેલીવાર મળવા બોલાવી હતી. ૨૦૧૬ સુધી તે વિકીના સંપર્કમાં હતી. આ પછી તેણે ક્યારેય વિકીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો નથી. મમતાએ વધુમાં કહ્યું કે તે બોલિવૂડમાં કામ કરવા માટે મુંબઈ પાછી ફરી નથી. તેમજ તે એક્ટ્રેસ તરીકે કમબેક કરવા માંગતી નથી.

ન્યૂઝ એજન્સી **ANI** સાથે વાત કરતા મમતાએ કહ્યું- **D** (ડ્રગ્સ)ની દુનિયા સાથે મારો કોઈ સંબંધ નથી. હું આ લોકોને ક્યારેય મળ્યો નથી. હા, હું વિકી ગોસ્વામી સાથે જોડાયેલો હતો. મારી આધ્યાત્મિક યાત્રા ૧૯૯૬ માં શરૂ થઈ. એ જ ક્ષણે મારા જીવનમાં એક ગુરુ આવ્યા.

વિકી જ્યારે દુબઈ જેલમાં હતો ત્યારે તેણે મને મળવા બોલાવી હતી જ્યારે હું તેને મળી ત્યારે મેં ૧૨ વર્ષ પસાર કર્યા. પછી હું ધ્યાન અને પૂજામાં વ્યસ્ત થઈ ગઈ. ૨૦૧૨માં તે જેલમાંથી બહાર આવી ત્યાં સુધીમાં મારી બધી ઈચ્છાઓ ખતમ થઈ ગઈ હતી. પ્રેમ કરવા કે લગ્ન કરવા એમાં કંઈ બાકી નહોતું.મેં નક્કી કર્યું હતું કે જ્યાં સુધી તે બહાર નહીં આવે ત્યાં સુધી હું ભારત પાછી નહીં જઉં. પછી તે કેન્યા ગયો અને હું ૨૦૨૧૨-૧૩ની આસપાસ કુંભ મેળા માટે ભારત આવી. હું દુબઈથી સીધો અલાહાબાદ (હવે પ્રયાગરાજ) ગયો અને ૧૦ દિવસ માટે દુબઈ પાછો આવ્યો.

મમતાએ આગળ કહ્યું- વિકી કેન્યા પાછો ગયો. એક-બે વાર હું તેને મળવા ગઈ અને દુબઈ આવ્યો. કેન્યામાં તેના પર પહેલેથી જ આરોપ મૂકવામાં આવ્યો હતો. તે દરમિયાન હું તેની સાથે નહોતી. અત્યારે પણ હું તેના સંપર્કમાં નથી. મેં છેલ્લે ૨૦૧૬માં તેમનો સંપર્ક કર્યો હતો.

મમતાએ વિકી સાથે લગ્નના સમાચારોને ખોટા ગણાવ્યા હતા.

૨૦૧૭ માં, થાણે પોલીસે ડ્રગ સ્મગલિંગ કેસમાં મમતા કુલકર્ણી અને ડ્રગ માફિયા વિકી ગોસ્વામી વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું. એવા પણ અહેવાલ હતા કે મમતા અને વિકીએ લગ્ન કરી લીધા છે. જોકે, મમતાએ લગ્નના સમાચારને અફવા ગણાવી હતી. તેણે કહ્યું હતું કે-મેં ક્યારેય કોઈની સાથે લગ્ન કર્યા નથી અને ન તો હું પરિણીત છું. એ સાચું છે કે હું વિકીને પ્રેમ કરું છું, પણ તેને એ પણ ખબર હોવી જોઈએ કે હવે મારો પહેલો પ્રેમ ભગવાન છે.

૧૯૯૧માં મમતાએ તમિલ ફિલ્મથી પોતાના કરિયરની શરૂઆત કરી હતી. ૧૯૯૨માં તેણે ફિલ્મ 'તિરંગા'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ૧૯૯૩માં આવેલી ફિલ્મ 'આશિક આવારા'એ મમતાને સ્ટાર બનાવી દીધી હતી. આ ફિલ્મ માટે તેમને 'ફિલ્મફેર ન્યૂ ફેસ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ પછી તે 'વક્ત હમારા હૈ', 'ક્રાંતિવીર', 'કરણ અર્જુન', 'બાજી' જેવી ફિલ્મોમાં જોવા મળી હતી. તેની છેલ્લી રિલીઝ થયેલી ફિલ્મ 'કભી તુમ કભી હમ' વર્ષ ૨૦૦૨માં રિલીઝ થઈ હતી.

# દિલ્હી ચૂંટણી : ૭૦ બેઠકો માટે ૨૨૫ નામો શોર્ટ લીસ્ટેડ કરતું ભાજપ

# હરિયાણા-મહારાષ્ટ્ર બાદ હવે દિલ્હી સર કરવા ભાજપની તૈયારી

**કેજરીવાલ સહિતના 'આપ' નેતાઓને કાનૂની સકંજામાં લેવાશે : સીસોદીયા પણ ટાર્ગેટ પર, મુખ્યમંત્રી ચહેરા વગર વધુ એક રાજ્યની ચૂંટણી લડશે ભાજપ**

**આમ આદમી પાર્ટીની અત્યંત મજબૂત અને મજબૂત ગણાતી બેઠકોમાં ભાજપે તમામ તાકાત લગાવવા તૈયારી કરી**

**રાજ્યમાં ત્રિપાંખીયો જંગ નિશ્ચિત : કોંગ્રેસ આમ આદમી પાર્ટીના મત કાપે તો એડવેન્ટેજ ભાજપ હોવાના સંકેત**

નવી દિલ્હી, તા.૨૨

દેશમાં ૨૦૨૪મું વર્ષ ચૂંટણીનું રહ્યું હવે આગામી વર્ષે ફેબ્રુઆરીમાં જ દિલ્હીની વિધાનસભા ચૂંટણી ફરી એક વખત સમગ્ર દેશનું ધ્યાન ખેંચશે તે નિશ્ચિત છે અને એક તરફ આમ આદમી પાર્ટી અને તેના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સતત ચોથી ટર્મ માટે દિલ્હીમાં સત્તા કબજે કરવા આતુર છે તો હરિયાણાથી લઈ મહારાષ્ટ્રમાં વિપક્ષને મહાત કર્યા બાદ હવે દિલ્હીમાં ભાજપ ૭૦ વિધાનસભાની બેઠકમાં જે છેલ્લી ત્રણ ટર્મથી સિંગલ ડીજીટ બેઠક મેળવી રહી છે તે હવે સત્તા માટે તમામ તાકાત લગાવશે. આમ આદમી પાર્ટીએ તેના તમામ ૭૦ બેઠકો પરના ઉમેદવારો જાહેર કર્યા છે.

કોંગ્રેસ પણ હવે ૧૫ વર્ષથી વધુ સમયથી દિલ્હીમાં વનવાસનો અંત લાવવા આતુર છે અને તેથી ત્રિપાંખીયો જંગ લડાશે તે નિશ્ચિત છે. આમ આદમી પાર્ટીએ કોઈપણ પ્રકારનું ગઠબંધન નહીં કરવા જાહેરાત કરી છે. સુત્રોના જણાવ્યા મુજબ ભાજપની કેન્દ્રીય સમિતિ તા.૨૪ અને ૨૫ના રોજ મળશે અને તેમાં દિલ્હી વિધાનસભા બેઠક માટેના ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ૭૦ બેઠકો માટે ભાજપ પાસે ૨૨૫થી વધુ દાવેદારોએ ટીકીટ માંગી છે અને પ્રથમ યાદીમાં ૨૦ થી ૨૨




ઉમેદવારો મેદાનમાં હશે. કુલ ત્રણ યાદીમાં ભાજપ તમામ ઉમેદવારોની યાદી જાહેર કરશે.

પ્રદેશ ચૂંટણી સમિતિની રચના પણ થઈ ગઈ છે. એક તબકકે દિલ્હીમાં ચૂંટણી લડવા માટે ભાજપના ૨૦૦૦થી વધુ દાવેદારો મેદાનમાં હતા પરંતુ તે કટશોર્ટ કરીને ૨૨૫ નામો પર વિચારણા થશે. ભાજપે આ ઉપરાંત મુખ્યમંત્રી પદના દાવેદાર કેજરીવાલ અને વર્તમાન મુખ્યમંત્રી આતિશી અને આમ આદમી પાર્ટીના નં.૨ ગણાતા પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયા સામે મોટા માથાને ઉતારવા તૈયારી કરી છે.

દિલ્હી એ આમ આદમી પાર્ટીનો ગઢ બની ગયો છે અને ભાજપ માટે તે તોડવો જરુરી છે. જો કે ભાજપ મુખ્યમંત્રી પદનો ચહેરો જાહેર કર્યા વગર ચૂંટણી લડશે અને આ ચૂંટણીમાં આરએસએસ પણ સક્રિય બની ગયું છે.

ભાજપે છેલ્લી ત્રણ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ત્રણ વખત જીતેલી બેઠકોને કેન્દ્રીત કરી છે. જો કે કેજરીવાલે પણ શાસન વિરોધી મતો કાપવા માટે નવા ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા છે. 'આપ' પાસે ૨૬ બેઠકો અત્યંત મજબૂત સ્થિતિમાં હોવાનું મનાય છે. ૩૫ બેઠકો મજબૂત અને ૮ બેઠકો મધ્યમ તથા એક બેઠક જ કમજોર છે. ભાજપ પાસે મજબૂત ગણી શકાય તેવી પાંચ, મધ્યમ ગણી શકાય તેવી ૨૯ અને ૩૫ કમજોર સીટ છે. કોંગ્રેસ પાસે ૮ મધ્યમ અને ૬૨ કમજોર સીટ છે અને ભાજપે તે મુજબ પોતાની ચૂંટણી વ્યૂહ રચના ગોઠવવાનું શરુ કર્યું છે.

**દિલ્હી ચૂંટણીમાં વિજય રૂપાણી, મનસુખ માંડવીયા, મયંક નાયક અને અમિત ઠાકરને ખાસ જવાબદારી સોંપાય તેવા સંકેત**

### ગુજરાતીઓના મતો પર ભાજપનું ફોક્સ: શિખ મતો માટે રૂપાણીનું પંજાબ સાથેનું કનેક્શન કામ લાગશે

**દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ગુજરાત ભાજપમાં અનેક નેતાઓને મહત્વની જવાબદારી સોંપાય તેવા સંકેત છે. હાલમાં મહારાષ્ટ્રમાં યોજાયેલી ચૂંટણીમાં પણ ગુજરાત ભાજપના અનેક ધારાસભ્યો અને સાંસદો પ્રચારમાં જોડાયા હતા. ખુદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ મુંબઈમાં પ્રચાર કરી આવ્યા હતા અને મુખ્યમંત્રી પસંદગી માટેની વિધાનસભા પક્ષની બેઠકમાં રાષ્ટ્રીય નિરીક્ષક તરીકે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને જવાબદારી સોંપવામાં આવી હતી. હવે દિલ્હીમાં પણ રૂપાણીને ખાસ જવાબદારી સોંપાશે. પંજાબમાં તેઓ પ્રભારી હોવાથી અને દિલ્હી તથા પંજાબ વચ્ચે ખાસ કનેકશન હોવાથી શ્રી રુપાણીને દિલ્હીના શિખ મતો અંગે જવાબદારી સોંપાય તેવા સંકેત છે. આ ઉપરાંત અમદાવાદના ધારાસભ્ય અમિત ઠાકર, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા અને ગુજરાત ભાજપના ઓબીસી નેતા અને સાંસદ મયંકભાઇ નાયકને પણ જવાબદારી સોંપાશે. શ્રી નાયક ગુજરાતી સમાજના લોકોને સાથે રાખશે તેવા સંકેત છે.**

**અનેક તૈયાર પ્રોજેક્ટ વચ્ચે બિલ્ડર્સ માટે કામચલાઉ રાહત આપતો વણલખાયેલો નિયમ : છટકબારીના અભ્યાસ!**

# પાર્ટ કમ્પલિશન; ફલાવર બેડ જેવો જ રસ્તો ટીપી શાખામાં ખુલ્લો!



**મોટા ભાગે વેસ્ટ ઝોનમાં હંગામી બીયુ લેવાની પરંપરા : સેન્ટ્રલ ઝોનમાં બહુ ડિમાન્ડ નથી : પૂર્વ ઝોનમાં પણ ન્યુ રાજકોટ જેવી ડિમાન્ડ નહીં**

રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરમાં નવા બિલ્ડીંગ સહિતના બાંધકામોના પ્લાન અને કમ્પલીશનની પ્રક્રિયા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ઘટના બાદ સ્થગિત જેવી હાલતમાં આવી ગયાની મોટા પાયે ફરિયાદો ગાંધીનગર સુધી કરવામાં આવી હતી. તે બાદ સરકારે નિયમથી બહાર ફલાવર બેડ સાથેના બિલ્ડીંગને કોઈ ખાસ રાહત આપીને બીયુ આપવા ઈક્રાર કરતા ડેવલપર્સને કોઈ રાહત મળી નથી.

આ સંજોગોમાં છેલ્લા થોડા મહિનાથી નવા બિલ્ડીંગમાં પાર્ટ કમ્પલીશન લેવાના રસ્તા વધુ ખુલ્યા છે. છેલ્લા સમયમાં ઘણા બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર અને ફર્સ્ટ ફલોર સુધી તૈયાર થઈ ગયેલા શોરૂમ અને દુકાનોના પાર્ટ કમ્પલીશન ઈસ્યુ થઈ રહ્યા છે.

આમ તો જે રીતે આટલા વર્ષો સુધી પ્લાનમાં ન દર્શાવેલા ફલાવર બેડ સાથેના બિલ્ડીંગને બીયુ આપવાની પરંપરા ચાલુ હતી. પરંતુ નિયમમાં તેનો ઉલ્લેખ ન હતો. આથી પૂર્વ કમિશ્નરે સરકાર પાસે અભિપ્રાય માંગી લીધો હતો. તેનો અભિપ્રાય નકારાત્મક આવતા આ હાલત યથાવત છે.

તો બીજી તરફ પાર્ટ કમ્પલીશન માટે પણ જીડીસીઆરમાં કોઈ સ્પષ્ટ નિયમ ન હોવાથી અધિકારીઓ જરૂરીયાત અને ચકાસણીના આધારે આ પરમીશન આપે છે. આથી હાલની સ્થિતિમાં આવા પાર્ટ કમ્પલીશનની ડિમાન્ડ વધે તેમ છે.

કોઈ પણ બિલ્ડીંગનો પ્લાન મૂકાઈ અને સમયસર પ્રોજેકટ શરૂ કરવામાં ન આવે તો બે વખત પ્લાન રીન્યુ કરવાની તક મળે છે. તે બાદ જુનો પ્લાન રદ થાય છે અને નવેસરથી મૂકવો પડે છે. હવે પ્રોજેકટ શરૂ થયા બાદ પૂરો કરવામાં વાર લાગે અને મિલ્કતનું વેંચાણ ન થાય ત્યારે બિલ્ડર રસ્તા શોધે છે.

અનેક કેસમાં કોમર્શિયલ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફલોરની મિલ્કત પહેલા વેંચાતી હોય છે. આથી ઉપરના અન્ય માળનું બાંધકામ ચાલુ હોય અને ગ્રાઉન્ડ ફલોર બુક કરનાર આસામીને સમયસર દસ્તાવેજ કરાવવો હોય તો બિલ્ડીંગ યુઝ પરમીશન (કમ્પલીશન)ની જરૂર પડે છે. આથી જેટલો ભાગ તૈયાર થઈ ગયો હોય તેને ટીપી શાખા પાર્ટ કમ્પલીશન આપી શકે તેવો મત છે.

આ અંગેના નિયમો અંગે જાણકારોએ કહ્યું કે, જીડીસીઆરમાં પાર્ટ કમ્પલીશન અંગે સ્પષ્ટ અને સીધી કોઈ જોગવાઈ નથી. વાસ્તવમાં ગ્રાઉન્ડ ફલોર કે પ્રથમ માળનું બાંધકામ પૂર્ણ થયું હોય અને ઉપરના ભાગે થતું બાંધકામ ગ્રાઉન્ડ ફલોર પર નુકસાન કરે તેમ ન હોય તેવું લાગે તો આટલી જગ્યા પુરતું પાર્ટ કમ્પલીશન આપી શકાય છે.

જોકે તે નિર્ણય અધિકારી પર આધારીત હોય છે. તો બીજી તરફ ફલાવર બેડ સાથેના કમ્પલીશન પણ ભુતકાળમાં આ જ રીતે અપાતા હતા. તો અધિકારીઓના સ્વવિવેક મુજબના નિર્ણયથી આવા કમ્પલીશન આપવા સામે અમુક લોકો પ્રશ્નો ઉઠાવે છે.


હવે જયારે બાંધકામ ઉદ્યોગ રાહતની આશામાં છે, ૩૦૦થી વધુ કમ્પલીશન પેન્ડીંગ છે ત્યારે પાર્ટ કમ્પલીશનની પરંપરા હેઠળ વધુ ડેવલપર્સ કોમર્શિયલ બિલ્ડીંગમાં આ રીતે ટુકડે ટુકડે બીયુ લેવા આર્કિટેકટસની સલાહ લેવા લાગ્યા છે. દરમ્યાન દુકાનો અને શોરૂમ ભાડે આપવાનો મોટો કોમર્શિયલ ટ્રેન્ડ વેસ્ટ ઝોનમાં ચાલે છે.

સેન્ટ્રલ અને ઈસ્ટ ઝોનમાં પાર્ટ કમ્પલીશનના આધારે બહુ બીયુપીની ડિમાન્ડ આવતી નથી. આથી વેસ્ટ ઝોનમાં અડધા તૈયાર પ્રોજેકટ માટે આવા રસ્તા કાઢવા બિલ્ડર્સને સલાહ મળવા લાગી છે.

# ભક્તિ અને દોસ્તીમાં તાકાત છે,ભક્તિમાં રામ હનુમાનને ગળે લગાવી દે છે,દોસ્તીમાં કૃષ્ણ સુદામાનાં પગ ધોઈને પૂજે છે.



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા





ભોગ ભક્તિમાં બાધક છે. ભોગ જ્ઞાનમાં પણ બાધક છે. ભોગ કરતાં ભોગના ત્યાગમાં અનંત ગણું સુખ છે. ઈન્દ્રિયજન્ય સુખ સર્વ પ્રાણીઓનું સરખું જ હોય છે. છપ્પન મણ રૂની તળાઈમાં આળોટતા શેઠિયાને જે સુખ મળે છે તેવું જ સુખ ગધેડાને ઉકરડા ઉપર આળોટવામાં મળે છે. મનુષ્યને શીખંડ ખાવામાં જે સુખ મળે છે તેવું સુખ ભૂંડને વિષ્ટા ખાવામાં મળે છે.મનુષ્યે બુદ્ધિ પૂર્વક ભોગ છોડવા જોઈએ. ભોગમાં ક્ષણિક સુખ છે, ત્યાગમાં હંમેશ અનંતનું સુખ છે. ભોગથી શાંતિ મળતી નથી,ત્યાગથી શાંતિ મળે છે.રાજા આજ સુધી તે અનેક ભોગ ભોગવ્યા છે.હવે તારી એક એક ઈન્દ્રિયને તું ભક્તિ રસનું દાન કર.ઈન્દ્રિયરૂપી પુષ્પ ભગવાનને અર્પણ કર.

રાજન્ જેનું મરણ સમીપમાં આવ્યું છે, તે સંસારને ભૂલવાનો પ્રયત્ન કરે, પરમાત્માનું દયાન કર.

ધીરે ધીરે સંયમને વધાર. સતત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું એ જ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે. ઈશ્વર સાથે તન્મય થાય તેને મુક્તિ મળે છે.રાજન, જન્મ તેનો સફળ થયો કે જેને ફરીવાર માના પેટમાં જવા નો પ્રસંગ જ ન આવે. ગર્ભવાસ એ જ નરકવાસ છે. કર્મ અને વાસના લઈને જીવ જન્મે છે, તેનો ગર્ભ વાસ એ નરકવાસ છે. આ દેહાભિમાન જ મિથ્યા છે.

શુકદેવજી જનકરાજાના દરબાર માં જનકરાજા પાસે વિદ્યા શીખવા ગયા હતા. વિદ્યાભ્યાસ પૂરો થયો. શુકદેવજીએ કહ્યું,મારે ગુરુ દક્ષિણા આપવી છે. જનકરાજાએ કહ્યું કે, મારે ગુરુ દક્ષિણા જોઈતી નથી પણ તું બહુ આગ્રહ કરે છે તો જગતમાં જે નિરુપયોગી વસ્તુ હોય તે મને આપ! શુકદેવજી નિરુપયોગી વસ્તુની શોધમાં નીકળ્યા. પ્રથમ માટી ઊંચકી.માટી કહે મારા ઘણા ઉપયોગ છે.પથ્થર ઊંચક્યો. તો પથ્થર કહે, મારા ઘણા ઉપયોગ છે. આ પ્રમાણે જે વસ્તુને ઉપાડે તે ઉપયોગી જણાય અંતે થાકીને વિષ્ટા ઉપાડી. વિષ્ટા કહે, હું અન્ન રૂપે મનુષ્યના પેટમાં ગઈ, તો આમ વિષ્ટા બની! છતાં હું નિરુપયોગી નથી.

વિચાર કરતાં શુકદેવજીને લાગ્યુંકે આ દેહાભિમાન જ નિરુપયોગીછે ત્યારે શુકદેવજી જનકરાજાને કહ્યું મારું દેહાભિમાનગુરુદક્ષિણા માં અર્પણ કરું છું.

શુકદેવજીને દેહભાન નહીં એટલે મંગલાચરણ કર્યું ન હતું.પાછળથી બીજા સ્કંધના ચોથા અધ્યાયમાં ૧૨મા શ્લોકથી મંગલા ચરણ કર્યું છે.

સાધકને કથા માર્ગદર્શન કરે છે એટલું જ નહીં પણ સિદ્ધ પુરુષો નેય કથા સાંભળવાની જરૂર પડે છે.બીજા સ્કંધમાં પહેલા ત્રણ અધ્યાયમાં ભાગવતનો સઘળો સાર આવી ગયો.રાજાને છે. ઉપદેશ કરવાનો હતો તે આ ત્રણ અધ્યાયમાં કર્યો છે. પછી તો પરીક્ષિત રાજાનું ધ્યાન વિષય તરફ ફરીથી ન જાય તેવું માટે ચરિત્રો કહે છે.

શુકદેવજી શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કહે છે કે,જે ભક્ત વત્સલ ભગવાનની છવાયું ભક્તિહીન હઠયોગી ઓ પામતા નથી, જે પરમ ઐશ્વર્ય યુક્ત છે, અદ્વિતીય છે, જે નિરંતર તેજ બ્રહ્મધામમાં વિહરે છે,તે શ્રી કૃષ્ણ ને નમો નમસ્તે!પ્રેમમાં પક્ષપાત આવી જાય છે.શ્રી રાધાજી શ્રી શુકદેવ જીના ગુરુ છે,રાધાજીએ શુકદેવજીને બ્રહ્મ સંબંધ કરાવી આપ્યો હતોએટલે શુકદેવજી રાધાકૃષ્ણને બેવાર નમસ્કાર કરેછે

શુકદેવજી પૂર્વજન્મમાં પોપટ હતા રાત-દિવસ લીલા નિકુંજમાં'હે રાધે હે રાધે' નામનાં સતત જપ કરતા હતા.શુકદેવજી શ્રી રાધાના શિષ્ય છે.ભાગવતમાં એટલે તો રાધાજી ના નામને પ્રગટ ઉલ્લેખ નથી. કારણ ગુરુનું નામ પ્રગટ રૂપે ન લેવાની શાસ્ત્રની મર્યાદા છે.

ભાગવતના ટીકાકાર શ્રીધરસ્વામી આ પાંચને નિત્ય માને છે. ભગવાનનું સ્વરૂપ નિત્ય, ભગવાન ની લીલા નિત્ય,ભગવાનનું નામ નિત્ય,ધામ નિત્ય અને પરિકર નિત્ય છે.

પરીક્ષિત રાજા પૂછે છે કે ભગવાન પોતાની માયાથી આ સૃષ્ટિની રચના કેવી રીતે કરે છે! આ સૃષ્ટિની ઉત્પત્તિની કથા કહો. જવાબમાં શુકદેવજી ભગવાને બ્રહ્માજીને કહી અને બ્રહ્માજીએ જે નારદ જીને કહી તે સૃષ્ટિના આરંભની કથા કહી સંભળાવે છે.ભગવાનને એકમાંથી અનેક થવાની ઈચ્છા થઈ.પ્રભુએ ચોવીસ તત્ત્વો ઉત્પન્ન કર્યા.આ તત્ત્વો પોતાની મેળે કોઈ કાર્ય કરી શક્યા નહીં,ત્યારે પ્રભુએ એક-એક વસ્તુ માં પ્રવેશ કર્યો.હો તત્ત્વ માં દિવ્ય ચેતનશક્તિ પ્રગટ થઈ.

સાતમા અધ્યાયમાં ભગવાનની લીલા અવતારોનું વર્ણન કરેલું છે.

બ્રહ્માજીની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ ભગવાને તેમને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું અને આત્મ તત્ત્વના જ્ઞાન માટે તેમને પરમ સત્ય વસ્તુ નો જે ઉપદેશ કર્યો તે સાંભળો.

આદિદેવ બ્રહ્માજી જ પોતાના જન્મ સ્થાન કમળ ઉપર બેસી સૃષ્ટિ રચવાની ઈચ્છાથી વિચાર કરી રહ્યા હતા,પણ સૃષ્ટિની રચના થઈ શકે તેવી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત ન થઈ. તેવામાં બ્રહ્માજીને આકાશવાણી સંભળાઈ:તપ,તપ! બ્રહ્માજી સમજી ગયા કે તપ કરવાનો આદેશ થયો છે. બ્રહ્માજી એ સો વર્ષ તપ કર્યું અને તેમને ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. તપ કર્યા વગર કોઈને ચાલ વાનું નથી.તપ ન કરે તેનું પત થશે. એટલે પતન થાય છે.પછી નારાયણ ભગવાને બ્રહ્માજીને ચતુ: શ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો. દ્વિતીય સ્કંધમાં નવમા અધ્યાયના ૩૨ થી ૩૫ શ્લોક એ ચતુ :શ્લોકી ભાગવત.ભગવાન સંતાકૂકડીની રમતના અજબ ખેલાડી છે. આરંભમાં તમામ જીવો ભગવાન ની અંદર છે. ભગવાન એક-એક જીવને તેના કર્મ પ્રમાણે શરીર આપે છે.તે પછી કહે છે,બેટા, હવે હું સંતાઈ જાઉં છું.હવે તું મને શોધી કાઢજે!

ભગવાન કહે છેકે,જગતમાં નહતું ત્યારે પણ હું જ હતો.જગતરહેશે નહીં ત્યારે પણ હું જ રહીશ જેમ સ્વપ્રમાં એક જ અનેકરૂપે દેખાય છે,તેમ જાગૃત અવસ્થામાં પણ અનેકમાં એક જ છે.એવો જ્ઞાની પુરુષોનો અનુભવ છે.દાગીનાના આકાર ભિન્ન હોવા છતાં સર્વમાં એક જ સોનું રહેલું છે.કિંમત પણ સોનાની મળે છે, આકારની નહીં. ઈશ્વર સિવાય બીજું જે કાંઈ દેખાય છે, તે સત્ય નથી. ઈશ્વર વિના બીજું દેખાય એ જ ઈશ્વરની માયા છે. જે ન હોવા છતાં પણ દેખાય છે અને ઈશ્વર સર્વમાં હોવા છતાં પણ દેખાતા નથી. એ જ માયાનું કાર્ય છે.તેને જ મહાપુરુષો આવરણ અને વિક્ષેપ કહે છે.

સર્વનું મૂળ ઉપાદાન કારણ પ્રભુ સત્ય છે અને પ્રભુમાં ભાસે તે સંસાર અસત્ય છે,પરંતુ માયાથી ભાસે છે.માયાની બે શકિતઓ છે આવરણશક્તિ અને વિક્ષેપશક્તિ માયાની આવરણશક્તિ પરમાત્મા ને ઢાંકી રાખે છે. માયાની વિક્ષેપ શક્તિ ઈશ્વરમાં જગતનો ભાસ કરાવે છે. જેમ અંધારામાં દોરડાને બદલે સાપ દેખાય. જે ન હોય તે દેખાય અને જે હોય તે ન દેખાય.

પોતાના સ્વરૂપનું વિસ્મરણએ માયા છે.એ સ્વપ્ર છે. સ્વપ્ર જેને દેખાય છે તે જોનારો સાચો છે. સ્વપ્રમાં એક જ પુરુષ છે પણ દેખાય છે બે.એ જાગી જાય છે ત્યારે એને ખાતરી થાય છે કે હું ઘરમાં પથારીમાં સૂતો છું સ્વપ્રનો પુરુષ જુદો છે. તેમ આ જગતમાં બ્રહ્મ તત્ત્વ એક જ છે, પણ માયાને લીધે અનેક તત્ત્વ ભાસે છે. માયા અનાદિ છે. માયા એટલે અજ્ઞાન. અજ્ઞાન ક્યારથી શરૂ થયું તે જાણવાની શું જરૂર છે? માયા જીવને ક્યારથી વળગી એનો વિચાર કરવો નહીં. કપડાં ઉપર ડાઘ પડયો હોય તો તે શાથી પડયો? ક્યારે પડેલો? કેમ કરતાં પડ્યો?કઈ શાહી હશે?વગેરે વિચાર કરવાને બદલે પડેલો ડાઘ તરત દૂર કરવો એ જ હિતાવહ છે.તેવી રીતે માયાનો વિચાર કરવા કરતાં માયાના પતિ પરમાત્માને શરણે જવું એ જ કર્તવ્યમય છે.

સુદામાએ એક વખત શ્રીકૃષ્ણ પાસે માગણી કરી કે, મારે તમારી માયાનાં દર્શન કરવાં છે. શ્રીકૃષ્ણે કહ્યું, સમય આવે દર્શન કરાવીશ. ચાલો,પહેલાં ગોમતીમાં સ્નાન કરવા જઈએ.ભગવાન સ્નાન કરી પીતાંબર પહેરે છે.સુદામાએ ગોમ તીના જળ માં ડૂબકી મારી, ત્યારે પ્રભુએ પોતાની માયા બતાવી સુદામાને લાગ્યું, ગોમતીજીમાં પૂર આવ્યું છે. તે પોતે તણાતાં જાય છે. માંડ માંડ તરીને એક કિનારે આવ્યા.ત્યાં એક ગામ હતું. ગામમાં પેસતાં એક હાથણીએ તેમના ગળામાં ફૂલની માળા પહેરાવી. લોકોએ સુદામાને કહ્યું: અમારા દેશના રાજા મૃત્યુ પામેલા છે.આ ગામ નો કાયદો છેકે,રાજાના મૃત્યુ બાદ આ હાથ ણી જેને માળા પહેરાવે તે રાજા થાય. માટે તમે અમારા રાજા સુદામા રાજા બન્યા.એક રાજ કન્યા સાથે તેમનું લગ્ન થયું. બાર વર્ષ સંસાર ચાલ્યો.બાર પુત્રો થયા. તેવામાં રાણી એક દિવસ માંદી પડી અને મૃત્યુ પામી.સુદામા રડવા લાગ્યા. લોકો કહે, તમે રડો નહીં. અમે તમને વિયોગમાં દુ:ખી નહીં થવા દઈએ. તમારી પત્ની જ્યાં ગઈ છે ત્યાં તમને પણ મોકલીશું. એટલે કે પત્ની સાથે તમારે પણ અગ્નિમાં પ્રવેશ કરવો પડશે.હવે સુદામા પત્ની માટે રડવાનું ભૂલી ગયા, ને પોતા માટે રડવા લાગ્યા. પછી તે લોકોને કહે છે, મને એક વખત સ્નાન-સંધ્યા કરી લેવા દો.પછી મને જાહેર કરજો. તે સ્નાન કરવા ગયા.ચાર પુરુષો તેની ચોકી કરતા ઊભા કે નાસી ન જાય. સુદામા ખૂબ ગભરાયા. ગભરાટમાં પ્રભુને યાદ કરે છે.રડતાં રડતાં સુદામા નદી માંથી બહાર આવ્યા. ભગવાન હજી તો પીતાંબર પહેરી રહ્યા હતા. ભગવાન પૂછે છે, તું કેમ રડે છે?સુદામાએ બધી વાત કરી ત્યારે ભગવાન કહે,આનું નામ મારી માયા. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે સોમવારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતનાત્મક વાત કરી તે જીવનમાં ઉતારવા પ્રયત્ન કરશો તેવી આશા સહ અસ્તુ.

## પી. આઇ ની બદલી થતા તેમના માનિતા ઓ આખરે વિલા મુખે જોવા મળ્યા

# કડી પોલીસ સ્ટેશન ખાતે સિંઘમ બનવા નીકળેલા પીઆઇ પી. એલ વાઘેલાની આખરે બદલી કરવામાં આવી : લીવ રીઝર્વમાં મુકાયા

(ગરવી તાકાત) કડી તા.૨૨

કડી પોલીસ સ્ટેશન હદ વિસ્તાર માં અનેક સમય થી બેફામ ગેર કાયદેસર ના ધંધાઓ બેફામ ચાલી રહ્યા હોવા છતાં કડી પોલીસ સ્ટેશન ના પી. આઈ સહીત સમગ્ર સ્ટાફ હાથ પર હાથ ધરી ને બેસી રહ્યું હોય તેવું જોવા મળતું હતું અનેક વાર કડી પોલીસ સ્ટેશન ના પી. આઈ અને તેમના માનિતા વહીવટદાર અનેક વાર વિવાદ માં આવી ચૂક્યા છે પરતું આ અધિકારી ના મનમાં એવું હતું કે અમારું કોઈ ક્યાં કરી શકવાનું છે એવું વ્હેમ માં રહી ને કડી માં બેફામ ચાલતાં ધંધા ઉપર કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવતી નહોતી. ત્યારે તેમના રેન્જ ડીઆઈજી ની સ્કોવાડે કડી માં આવેલ બુડાસણ જીઆઈડીસી માંથી લાખો રૂપિયા નો દારૂ ઝડપી પાડી ને કડી પી. આઈ ની ઉંઘ હરામ કરી નાખી હતી. દરોડા પડતા ની સાથે કડી પોલીસ સ્ટેશન માં વહીવટદાર પણ દોડતા થઈ ગયેલા જોવા મળ્યા હતા.

કડી ના પી. આઈ પી. એલ વાઘેલા મુકાયા સાઈડ લાઈનમાં મહેસાણા જીલ્લા પોલીસ વડા ડો. તરુણ દુગ્ગલ એ બદલી કરી કડી ના પી. આઈ ને હેડ કોટર ખાતે મૂકવામાં આવ્યા હતા. મહેસાણા જીલ્લા ના કડી માં ધણા સમયથી અસામાજિક તત્વો બૂટલેગરો હિસ્ટ્રી સ્વીટરો જુગારીઓ મેચના સ્ટોટિડયા ઓ, નશાકારક તાડીનું વેચાણ કરનાર લોકો સહિત અનેક ગેરકાયદેસર કામો નું બે રોક ટોક અંજામ આપનાર આવા તત્વો વિરુદ્ધ સ્થાનિક પોલીસ ની યોગ્ય અને ઠોસ કાર્યવાહી નહોતી તેને લઈને થોડાક સમય પહેલા કડી માં રેન્જ ડીઆઈજી વિરેન્દ્રસિંહ યાદવની ટીમે કડી માં વિદેશી દારૂ માં દરોડો પાડી લાખો રૂપિયાનો દારૂ ઝડપાયો હતો આ મામલા ને લઈને પી. આઈ ની કામગીરી શંકા ના ડાયરામાં આવી ચૂકી હતી.

મહેસાણા જીલ્લા ના પોલીસ વડા એ ત્રણ પોલીસ ઈન્સ્પેક્ટર અને બે સબ ઈન્સ્પેક્ટરની ની બદલી કરી નાખવામાં આવી હતી. બદલી નો દોર થતા કડી પોલીસ બેડામાં ફફડાટ મચી જવા પામ્યો હતો.જેમ કડી પી. આઈ પી. એલ વાઘેલા ની બદલી કરી ને મહેસાણા હેડ કોટર ખાતે મૂકી દેવામાં આવ્યા હતા.અને તેમની જગ્યાએ કડીમાં પી.આઈ તરીકે એ. એન સોલંકી ને મૂકવામાં આવ્યા છે.

મળતી વિગતો અનુસાર મહેસાણા જિલ્લામાં અને ખાસ કરીને કડી તાલુકામાં અસમાજિક તત્વો


(તસ્વીર-અહેવાલ : જૈમિન સથવારા, કડી)

બૂટલેગરો બેફામ બનેલા હતા કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિને જાહેરમાં બે રોક ટોક વગર અંજામ આપી પોલીસ ને પડકાર ફેકી રહ્યા હોવા છતાં કડી ના સિંઘમ પોલીસ તરીકે ઓળખાતા પી. એલ વાઘેલા ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલા આરોપી ને છાવરી રહ્યા હોય તેવું જોવા મળતું હતું. કડી પોલીસ ને ગુન્હાતી પ્રવૃતિ કરનાર લોકો અનેક વાર પડકાર પોલીસ ને ફેંકી રહ્યા હોવા છતાં કડી પોલીસ કોઈ કામગીરી કરવા તૈયાર નહોતી તેમના કામ ના કારણે સ્થાનિકો માં સતત ભય અને ફફડાટ ફેલાઈ રહ્યો હતો.

કડી પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેક્ટર અને ડી. સ્ટાફ ના કર્મચારીઓ બિફોર અને આફટરનૂનમાં જ વ્યસ્ત રહેતા હતા અને યોગ્ય કાર્યવાહી નહોતા કરતા તે કારણસર સ્થાનિકો છે તેમના મનમાં પોલીસ પ્રત્યે [illegible] જન્મેલી રહેતી હતી સ્થાનિકો ત્યાં સુધી ચર્ચા કરતા હતા કે પોલીસ ની મીઠી રહેમ નજર હેઠળ જ આવા અસામાજિક તત્વો બુટલેગરો તેમના ગુન્હાઓ ને અંજામ આપી રહ્યા હતા. આવા તત્વો અનેક વખત પોલીસ સ્ટેશન ની બહાર પોલીસ ના ડર વિના બહાર જોવા મળતા હતા અને તેમના સાથે કડી પોલીસ સ્ટેશન ના કર્મચારીઓ અને અધિકારીઓ પણ જોવા મળતા હતા તે ઉચ્ચ કક્ષાના અધિકારીઓ કડી પોલીસ સ્ટેશન સી. સી ટીવી ફૂટેજ ના આધારે તપાસ કરવામાં આવે તો અનેક પોલીસ કર્મચારીઓ ની સંડોવણી બહાર આવી શકે છે. અસામાજિક તત્વો ની અને પોલીસ ની સાંઠ ગાંઠ ને કારણે લોકોના મનમાં પોલીસ પ્રત્યે ની શંકા જન્મેલી જોવા મળતી હતી.તેવામાં થોડાક સમય પહેલા રેન્જ ડી આઈજી વિરેન્દ્રસિંહ યાદવની ટીમે કડી માં વિદેશી દારૂ ઉપર દરોડો પાડી ને એક ગોડાઉનમાં લાખો રૂપિયાના દારૂનું કટીંગ થતું ઝડપી પાડવામાં આવ્યું હતું. ત્યાર પછી સતત ચર્ચાઓ ચાલી રહી હતી કે આ દરેક વસ્તુઓ પોલીસ ની જાણ બહાર તો ન જ ચાલે અને કાર્યવાહી ને લઈને પણ લોકો માં ચર્ચાઓ જોવા મળતી હતી.તેવામાં આજે મહેસાણા જિલ્લામાં ના પોલીસ વડા એ ત્રણ પોલીસ ઈન્સ્પેક્ટર અને બે સબ ઈન્સ્પેક્ટરની આંતરિક બદલી કરી નાખવામાં આવી હતી.જેમ કડી પી. આઈ પી.એલ.વાઘેલા જે સતત વિવાદો થી ઘેરાયેલા હતા જેને લઈને તેમને સાઈડ લાઈન કરી લિવ રિઝર્વ માં મૂકી દેવામાં આવ્યા હતા.અને તેમના સ્થાને છઉૅ માં રહેલા એ. એન સોલંકીને કડી પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે મૂકવામાં આવ્યા છે.

કડી પોલીસ સ્ટેશન છઉૅ માં રહેલા એ. એન સોલંકીને કડી પોલીસ ઈન્સ્પેક્ટર હવાલો સોંપવામાં આવ્યો છે જો કે નવા પોલીસ ઈન્સ્પેક્ટર માટે પણ અનેક પડકારો રહેશે કેમકે કડી માં જે ગેર કાયદેસર પ્રવૃતિ અને બૂટલેગરો દારૂનું વેચાણ ફોન પર અને પોતાના વાહનો માં કરી રહ્યા છે અને તેના માટે સ્થાનિક પોલીસ ની મીઠી રહેમ નજર હેઠળ ચાલી રહી છે તે સતત ચર્ચાઓ રહેતી હોય છે. તેમજ પોલીસ છે તેમને એક તરફી કામગીરી લઈને પણ સતત સવાલો ઉભા થઈ રહ્યાં છે. આ દરેક વસ્તુ નવા પોલીસ ઈન્સ્પેક્ટર માટે પડકાર રહેશે હવે જોઈએ આવનાર સમયમાં આ નવા પી . આઈ છઉૅ માં રહેલા એ. એન સોલંકીને કડી પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે શું નવા જુની કરશે તે જોવા નું રહ્યું છે.

## ‘ઝીરો ટોલરન્સ અગેઈન્સ્ટ કરપ્શન’ તે રાજય સરકારનો નિર્ણય

# કરપ્શન જોઈએ જ નહિં, વિકાસ આડેના ભ્રષ્ટાચારને દુર કરોઃ મુખ્યમંત્રી

### ગાંધીનગર ખાતે યોજાયેલ કલેકટર - ડીડીઓની કોન્ફરન્સમાં મહેસુલ પંચાયત, ગ્રામ વિકાસ, શહેરી વિકાસ શિક્ષણ સમિતિની યોજનાઓની સમીક્ષાઃ સરકારના નિયમોનું અલગ - અલગ અર્થઘટન નહી કરવા પણ તાકીદ

(ગરવી તાકાત) ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર ખાતે ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલ, પંચાયત રાજયમંત્રી બચુભાઈ ખાબડ, મુખ્યમંત્રીનાં મુખ્ય અગ્ર સલાહકાર ડો.હસમુખ અઢીયા, મુખ્યમંત્રીનાં અધિક મુખ્ય સચીવો પંકજ જોશી, એમ.કે.દાસ, અધિક મુખ્ય સચીવો, અગ્રસચીવો અને મુખ્યમંત્રીનાં સચીવ અવંતિકા સિંઘ સહીતનાં સચીવોની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજયનાં જીલ્લા કલેકટરો અને જીલ્લા વિકાસ અધિકારીઓની એક દિવસીય સંયુકત કોન્ફરન્સ યોજાઈ હતી.

આ એક દિવસીય પરિષદમાં મહેસુલ, પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગની લોકોને સીધી સ્પર્શતી યોજનાઓમાં જીલ્લાઓની કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ બેઠકમાં (૧) નિર્મળ ગુજરાત ૨.૦ (૨) નલ સે જલ (૩) પી.એમ.વિશ્ર્વકર્મા યોજના, (૪) પ્રધાનમંત્રી સુર્યઘર મુફત બીજલી યોજના, (૫) પી.એમ.જે.એ.વાય અને (૬) પી.એમ.પોષણ યોજનાની જીલ્લા સ્તરે થયેલી કામગીરી પર પ્રેઝન્ટેશન સહીત સમુહ ચિંતન થયા હતા.

આ કોન્ફરન્સમાં મુખ્યમંત્રીએ એવુ સુચન કર્યું હતું કે આવી કલેકટર-જિલ્લા વિકાસ અધિકારીઓની કોન્ફરન્સ હવે રાજયનાં દરેક જીલ્લાઓમાં થવી જોઈએ. જેનાં



પરીણામે જીલ્લાના સમગ્રતયા વિકાસથી રાજય સરકાર અને અન્ય જીલ્લા અધિકારીઓ ભલી ભાંતિ પરિચીત પણ થશે.સરકારનાં પરિપત્રો-સરકારી નિયમોનું અલગ અલગ અર્થઘટન કોઈપણ જીલ્લાઓમાં થવુ જ જોઈએ.

જો કોઈ કામ નિયમાનુસાર ન થાય તેવુ હોય તો તેના સ્પષ્ટ કારણો જણાવી દેવા જોઈએ.ઝીરો ટોલરન્સ અગેઈન્સ્ટ કરપ્શન તે રાજય સરકારનો નિર્ધાર છે. વિકાસ આડેના ભ્રષ્ટાચારને દુર કરવા મુખ્યમંત્રીએ તાકીદ કરી હતી.

### ફીડબેક મીકેનીઝમ

**જયારે મુખ્યસચીવ રાજકુમારે સરકારની કોઈપણ યોજનાને વધુ અસરકારક બનાવવા માટે ફીડબેક મેકેનીઝમ ઉભુ કરવુ ખુબ જ જરૂરી છે. એવા સુચન સાથે કહયું હતું કે જીલ્લા કક્ષાએ કામ કરતાં અધિકારીઓ નાગરીકો સાથે સૌથી નજીકથી કામ કરતાં હોવાથી ફીડબેક મેકેનીઝમ વધુ મજબુત બની શકશે. નાગરીકોના હિતમાં સરકારે અમલમાં મુકેલી કોઈપણ યોજનાની આંકડાકીય સિધ્ધિ કરતા એ યોજનાનો ઉદેશ્ય પરિપૂર્ણ થાય તે વધુ મહત્વપૂર્ણ છે. જીલ્લાના વહીવટી વડા તરીકે કલેકટરો અને જીલ્લા અધિકારીઓનાં મુખ્ય ઉદેશ્ય નાગરીકોની સુખાકારી જ હોવો જોઈએ. નાગરીક હિતલક્ષી કોઈપણ કામ ગુણવતાયૂકત થશે તો જ નાગરીકોની સુખાકારીમાં વધારો થશે.**

## ઇડરમાં કેટલા ગેસ્ટ હાઉસ અને સ્પા માં દેહ વ્યાપાર થતો હોવાની ચર્ચા - સુત્રો

# પોલીસની કામગીરી પર સવાલઃ ઇડરમાં ગેસ્ટ હાઉસમાં પુરાવા વગર સગીર વ્યક્તિને પ્રવેશ કેવી રીતે......?

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૨૨

ઈડરમાં ગેસ્ટ હાઉસમાં પુરાવા વગર સગીરાને પ્રવેશ આપવાની માહિતી મળી છે ત્યારે સુત્રો ધ્વારા મળતી માહિતી મુજબ ખાનગી સ્કુલમાં અભ્યાસ કરતી આશરે ૧૫ થી ૧૬ વર્ષની એક વિદ્યાર્થીની સ્કુલ યુંનીફોમમાં ગેસ્ટ હાઉસમાં જોવા મળી હતી. ત્યાં જાગૃત નાગરિક ધ્વારા ગેસ્ટ હાઉસમાં તપાસ કરતા ખબર પડીકે રજીસ્ટરમાં નોધ્યા વિના જ રૂમની ફાળવણી કરવામાં આવી હતી તથા વિદ્યાર્થીનીનું કોઈ આઈકાર્ડ પણ લેવામાં આવેલ ન હતું. જે તંત્ર અને માતા-પિતા માટે લાલ બત્તી સમાન કિસ્સો છે રાજયમાં ગેંગરેપ અને દુષ્કર્મની ઘટનાઓ વધી રહી છે. રોજબરોજ આવી ઘટનાઓ પીડિતા સાથે પરિવારનું જીવન પણ દુઃખ દાયી કરી દે છે. થોડા વધુ પૈસા કમાવાની લાહ્યમાં કેટલા ગેસ્ટ હાઉસના માલિકો ધ્વારા



આઈડેન્ટિટી અને રજીસ્ટરમાં નોધ કર્યા વગર જ રૂમ અપાતા હોવાનું તથા ઈડર શહેર અને તેની આસપાસના વિસ્તારમાં ચાલતા કેટલાક ગેસ્ટ હાઉસ અને સ્પા ના માલિકો ધ્વારા કૂટનખાના ચલાવવા મોટા હપ્તા અપાતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ ગુજરાતમાં એક વર્ષમાં ૬૦૦ કરતા વધુ બાળકીઓ સાથે દુષ્કર્મ આચાર વામાં આવ્યું છે! ત્યારે ઈડર જેવા નાના શહેરમાં આ ખબર વાયુવેગે પ્રસરતા સમગ્ર શહેર અને શિક્ષણ જગતને આ બાબતે વિચારવા પર મજબુર કર્યા છે. ત્યારે જોવાનું એ રહેશે કે પોલીસ તંત્રના માનીતા ગેસ્ટ હાઉસના સંચાલકો સામે પોલીસ વિભાગ દ્વારા કેવા અને કયા પ્રકારના પગલા ભરવામાં આવે છે કે પછી હોતી હૈ ચલતી હૈ નીતિ અપનાવી ઓફિસમાં બેસી ગેસ્ટ હાઉસના માનીતા સંચાલકોને છાવરવામાં આવે છે કે કેમ તે જોવું રહ્યું...

## કાંકરેજ તાલુકાના ખીમાણા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તાલુકા હેલ્થ ઓફિસર પિયુષભાઈ ચૌધરીનો ભાવવંદન કાર્યક્રમ યોજાયો

(ગરવી તાકાત) કાંકરેજ તા.૨૨

કાંકરેજ તાલુકામાં છેલ્લા ત્રણેક વર્ષ સુધી સતત પ્રયત્નશીલ રહીને કાંકરેજ તાલુકા હેલ્થ ઓફિસર તરીકે ફરજ બજાવતા બાહોશ યુવા અને નિષ્ઠાવાન અધિકારી ડૉકટર પિયુષભાઈ ચૌધરી નો ભાવવંદન કાર્યક્રમ યોજાયો હતો અને સૌ પ્રથમ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો અને ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જતાં ડૉકટર પિયુષભાઈ ચૌધરી ને ફુલહાર અને સાલ ઓઢાડી પુષ્પ ગુચ્છ મોમેન્ટો ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું જેમાં સૌથી અગત્યની બાબત વિશે વાત કરીએ તો ડૉકટર પિયુષભાઈ ચૌધરી પોતે ઉચ્ચ શિક્ષણ અભ્યાસ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ત્રણ વર્ષ માટે સરકારના ખર્ચે જઈ રહ્યા છે ત્યારે કાંકરેજ તાલુકાના દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ના કર્મચારીઓ જેમાં શિહોરી સામુહિક આરોગ્ય કેન્દ્ર ના અધિક્ષક ડૉકટર ગોહિલ.કંબોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ડૉકટર



ભાટિયા.કાકર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ડૉકટર વિજય ચૌધરી.ખીમાણા સામુહિક આરોગ્ય કેન્દ્ર ના ડૉકટર દૃષ્ટિ ચૌધરી અને કાંકરેજ તાલુકાના ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા મિત્રો પણ ખાસ કરીને ઉપસ્થિત રહ્યા હતા અને ડૉકટર પિયુષભાઈ ચૌધરી ને ઉચ્ચ અભ્યાસ માટે ની શુભેચ્છાઓ પાઠવી હતી અને તમામ ઉપસ્થિત કર્મચારીઓ દ્વારા ડૉકટર પિયુષભાઈ ચૌધરી ની કામગીરી ને બિરદાવી હતી ત્યારે ધ અલ્ટીમેટ દૈનીક પેપર ના તંત્રી પ્રહલાદભાઈ વ્યાસ એ એમનો એક અનુભવ જાહેરમાં જણાવ્યો હતો જેમાં એમના કોઈ સબંધી ને હાર્ટ એટેક આવ્યો હતો જેમાં માત્ર ૨૩ મિનિટમાં સારવાર મળી રહે એવું કામ કર્યું હતું જોકે આવા સંજોગોમાં ઘણા લોકોને વેઈટિંગ માં રહેવું પડે છે ત્યારે હવે કાંકરેજ તાલુકા હેલ્થ ઓફિસર પિયુષભાઈ ચૌધરી પોતે પણ કાંકરેજ તાલુકાના વતનની લાગણીઓ અને માંગણીઓ માટે હંમેશાં આગળ આવી ને લોકોના પ્રશ્નો હલ કરવા માટે ખુબજ જાણીતા છે ત્યારે હવે ક્લાસ વન અધિકારી બની ને સમગ્ર ગુજરાતમાં કાંકરેજ તાલુકાનું નામ રોશન કરે તેવી હાર્દિક શુભેચ્છા પાઠવી હતી અને સૌ કોઈ લોકોએ સાથે ભોજન ગ્રહણ કરી છુટ્ટા પડ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મનુજી રાઠોડ. મહેન્દ્ર જોષી અને પરેશભાઈ જોશીએ કર્યું હતું

## સંક્ષિપ્ત સમાચાર

### ઇડર તાલુકાના લાલોડા ગામે નાયબ બાગાયત નિયામકની કચેરી ધ્વારા
### મહિલાઓને વૃત્તિકા (સ્ટાઇપેન્ડ) આપવાની યોજના અંતર્ગત માહિલાઓને પાંચ દિવસીય તાલીમ આપવામાં આવી

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૨૨

નાયબ બાગાયત નિયામકની કચેરી, સાબરકાંઠા દ્વારા ઈડર તાલુકાના લાલોડા ગામ ખાતે મહિલાઓને વૃત્તિકા (સ્ટાઈપેન્ડ) આપવાની યોજના અંતર્ગત માહિલાઓને પાંચ દિવસીય તાલીમ આપવામાં આવી. તાલીમમાં કુલ- ૩૩ મહિલાઓને ફળ અને શાકભાજીનો બગાડ અટકાવવા માટે તેમાંથી બનતા વિવિધ અથાણા, ચટણી, મુરબ્બા, કેન્ડી, જામ, જેલી, સ્કવોશ, શરબતો, ચોકેલેટ, ડ્રાય પ્રોડકટો જેવી બનાવટોની પ્રેક્ટિકલ સાથે તાલીમ આપવામાં આવી. તાલીમ દરમ્યાન તાલીમાર્થી મહિલાઓને ગૃહ ઉદ્યોગ સ્થાપી શકે તે માટે ગાંધીનગર ખાતે ખાદ્ય ખોરાક ૨૦૨૪માં એક દિવસીય પ્રેરણા પ્રવાસ તથા નિદર્શન યોજવામાં આવ્યું હતું. તાલીમ પૂર્ણ થતાં નાયબ બાગાયત નિયામકશ્રી, દિનેશભાઈ પટેલ, મદદનીશ બાગાયત નિયામકશ્રી (સં.બા.નિ. મહેસાણા) દીપેશભાઈ પટેલ, મદદનીશ બાગાયત નિયામકશ્રી જીગરભાઈ પટેલ, શ્રીમતી સુખીબેન ચૌધરી બાગાયત અધિકારી ઈડર દ્વારા મહિલાઓને માર્ગદર્શન અને ફળ અને શાકભાજી પરિરક્ષણની માર્ગદર્શિકા અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. તાલીમનું આયોજન અને સંકલન બાગાયત મદદનીશ નરેશભાઈ પટેલ, હેમલબેન પટેલ અને ખિલવત બેન દ્વારા કરવામાં આવ્યું હતું....

### AAA ચેરિટેબલ ટ્રસ્ટનો વેક્સીનેશન પ્રોજેક્ટઃઊંઝા જીમખાના મેદાનમાં વેક્સિનનો પ્રથમ ડોઝ આપવાનો પ્રારંભ, અંદાજીત ૮૫૦ દીકરીઓને ડોઝ અપાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

ઊંઝા શહેરમાં આવેલ છછછ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઊંઝા શહેરનો સૌથી મોટો આરોગ્યલક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં ઊંઝા શહેરની ૧૮ વર્ષથી નાની તમામ દિકરીઓને રસીનો પ્રથમ ડોઝ આપવા માટે વેક્સીનેશન પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. આજે સવારે ૯ કલાકથી જીમખાના મેદાન ખાતે વેક્સિનેશન પ્રોજેક્ટ અંતર્ગત દીકરીઓનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. પ્રથમ ડોઝ લેવા મોટી સંખ્યામાં શહેરની દિકરીઓ ઉમટી હતી. જેમાં અંદાજીત ૮૫૦ જેટલી દીકરીઓએ રસી લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, છછછ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલી રસીની બજાર કિંમત રૂ. ૬૦૦૦ હોવાનું મનાય છે. જે આજે વિનામૂલ્યે આપવામાં આવી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા AAA ચેરિટેબલ ટ્રસ્ટના સ્વયંસેવકો ખડેપગે સેવાઓ આપી હતી.

### ઊંઝાની વિ.મ. પટેલ પ્રાથમિક શાળામાં બાળ રમતોત્સવઃ૨૯૦ બાળકોએ વિવધ રમતોની સાથે ભોજનની પણ મજા માણી, વિજેતાઓને ઈનામ અપાયા





(ગરવી તાકાત) મહેસાણા તા.૨૨

તારીખ ૨૦/૧૨/૨૦૨૪ને શુક્રવારના રોજ શ્રી વિ. મ. પટેલ પ્રાથમિક શાળામાં બાળકોના આનંદ અને ઉલ્લાસ માટે બાળ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલવાટિકાથી ધોરણ ૮ના બાળકોએ ભાગ લીધો હતો. રમતોત્સવમાં સાદી દોડ, સંગીત ખુરશી, ચાંલ્લા ચોંટાડવા, વર્ગીકરણ, ચંપલશોધ, લીંબુ ચમચી, દડા ફેંક, સોય દોરો, દોરડાકૂદ, યાદશક્તિ, ત્રિપગી દોડ, લંગડી દોડ, કોથળા દોડ, ફુગ્ગા ફોડવા જેવી પંદરથી વધુ રમતોમાં ૨૯૦થી વધારે બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ રમતો આખો દિવસ ચાલી હતી. સવારે બાળકોને નાસ્તો આપ્યા બાદ બપોરે ભોજનનો પણ લાભ આપવામાં આવ્યો હતો. બાળકોની પ્રિય રમતોમાં ભાગ લઈ બાળકોએ ભરપૂર આનંદ મેળવ્યો હતો. દરેક ધોરણ માટે ત્રણ રમતો આપવામાં આવી હતી અને વિજેતા થયેલા બાળકોને સત્રના અંતે ઈનામ વિતરણ કરવામાં આવશે. સમગ્ર સ્પર્ધાનું સંચાલન શાળાના આચાર્ય કેતન પટેલે કર્યું હતું અને સ્પર્ધાને સફળ બનાવવા તમામ સ્ટાફ મિત્રોએ સાથ અને સહકાર આપ્યો હતો.

Volume : 10 Issue : 262 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002